

# આણંદ પુરવઠા વિભાગે થામણા પાસેથી ઘઉંનો જથ્થો ઝડપ્યો

ઉમરેઠ, તા. ૨૭

રાજ્ય સરકારના અન્ન અને પુરવઠા વિભાગ દ્વારા બીપીએલ કાર્ડ ધારકો માટે પૂરો પાડવામાં આવતો અનાજનો જથ્થો તથા રાહતદરના કેરોસીનનું મોટા પાયે કાળા બજાર થતું હોવાની લાંબા સમયથી થઈ રહેલી કાગારોળના કારણે જિલ્લા ક્લેક્ટર રાહુલ ગુપ્તા કાળા બજારની ગેર પ્રવૃત્તિને રોકવા જિલ્લા પુરવઠા અધિકારી આર.ટી. ઝાલાને સૂચના અને માર્ગદર્શન આપતા આજે પુરવઠાની ટીમે ઉમરેઠ વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.



જિલ્લા પુરવઠા અધિકારી આર.ટી. ઝાલા તથા તેમની ટીમે ઉમરેઠ વિસ્તારમાં રાહતદરની દુકાનોનું સઘન ચેકીંગ કર્યું હતું. દરમિયાન થામણા નજીક સાંઈ ધામ સોસાયટી પાસેથી પસાર થતાં આઈશર ટ્રક નં. જીજે-૬-વી.વી. ૭૦૮૬ને અટકાવી તપાસ કરતાં તેમાં ૧૪૫ નંગ ઘઉંના કટ્ટા હોવાનું માલૂમ પડતાં આ અંગે ટ્રકચાલકની પુછપરછ કરી હતી. પરંતુ સંતોષકારક જવાબ ન મળતા ટ્રક અને તેના ચાલકને મામલતદાર કચેરી લાવી સઘન પૂછપરછ કરી હતી. જેમાં ઠાસરા તાલુકાના ખીજલ પોરથી સાવલી તાલુકાના જંબુસર ગામ ખાતે જતો હોવાનું ખૂલવા પામ્યું હતું તેમજ સદર ઘઉંનો જથ્થો મુસ્તુફા વ્હોરાનો હોવાનું કબૂલતા રૂ. ૧,૦૮,૭૫૦નો જંગી જથ્થો તેમજ ટ્રક મળી કુલ રૂ. ૬,૦૮, ૭૫૦નો મુદ્દામાલ જપ્ત કરી તપાસ હાથ ધરી છે.



ખેડબ્રહ્મા શહેરમાં દારૂની બદી દિન પ્રતિદિન વધી રહી છે. દારૂડીયા દારૂ પી છાટકા બની રહ્યા છે ત્યારે આજે સવારે ખેડબ્રહ્મા સિવિલ કોર્ટ પાસે આવેલ જાહેર શૌચાલયની છત ઉપર દારૂડીયાઓ દારૂ પી બોટલો મુકી નાસી ગયા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ)

## ખેડબ્રહ્મામાં રાષ્ટ્ર સત આચાર્ય તુલસીની જન્મ શતાબ્દિ ઉજવાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્માના તેરાપંથ ભવન ખાતે રાષ્ટ્ર સંત આચાર્ય તુલસીની જન્મ શતાબ્દી નિમિત્તે તાજેતરમાં એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહ આચાર્ય મહાશ્રમણજીના શિષ્ય મુનિ જ્ઞાનેન્દ્રકુમારજી, વિમલેશકુમારજી તથા સુબોધકુમારજીના સાંનિધ્યમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ગણ માન્ય વ્યકિતઓ ઉપસ્થિત રહી આચાર્ય તુલસીને શ્રધ્ધાંજલિ આપી હતી.

આ સમારોહના પ્રમુખ તરીકે લક્ષ્મીપુરા કંપાના રતીલાલ કે. પટેલ તથા અતિથિ વિશેષ તરીકે ખેડબ્રહ્મા કોલેજના આચાર્ય એન.ડી. પટેલ તથા તલોદના ગણપતલાલ દુગ્ગલ ઉપસ્થિત રહ્યા હતા. મુનીશ્રીઓએ આચાર્ય તુલસીના માનવતાવાદી અનુદાનોમાં અણુવ્રતના સિધ્ધાંતોની જાણકારી આપી અને અણુવ્રત જાતિ-રંગ-ભેદ તથા સંપ્રદાયથી પર રહીને માનવને સાચો માનવી બનાવવાની વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રેક્ષા પ્રશિક્ષક શંકરલાલ શાહે કર્યું હતું.



કોસંબી નદીના તીરે, અરવલ્લીની ગિરીકંદરાઓમાં સુશોભિત દેરોલ જૈન તપેશ્વર ધામમાં જૈન ધર્મના પ્રચારાર્થે તથા લોકોમાં ધાર્મિક ભાવના વધુને વધુ બળવત્તર બને તેમજ લોકો હિંસા છોડી, અહિંસાના માર્ગે વળે અને સદ્ભાવનાનો પ્રચાર થાય અને ભાઈચારાનો સંદેશો ફેલાય તે ઉમદા હેતુસર ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પરમ પૂજ્ય ઉપાધ્યાય સુરદેવ મહારાજ, મુનિ ક્તિીસાગર મહારાજ, સૂર્યમતી માતાજી, કેવલજી માતાજી વગેરે પાર્શ્વભૂમિ દેરોલ ખાતે બિરાજમાન છે. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

## વડાગામ આકરૂંદ માર્ગ પર અકસ્માત : રોઝની ટક્કરે એકટીવા ચાલક ઘાયલ

ધનસુરા, તા. ૨૭

ધનસુરા તાલુકામાં છેલ્લા ઘણા સમયથી માર્ગમાં રોઝનો ત્રાસ વધી રહ્યો છે અને વાહન ચાલકો ભારે પરેશાન થઈ ગયાં છે. ગઈકાલે વધુ એક રોઝ સાથે વાહન અથડાતા અકસ્માત સર્જાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરા નજીક વડાગામના ગ્રીટ-કપચીના વેપારી હસમુખલાલ મગનલાલ શાહ (ઉ.વ.૬૬) પોતાની એકટીવા લઈ આકરૂંદ તરફ જઈ રહ્યા હતા ત્યારે અચાનક જ માર્ગમાં રોઝ આવી જતાં વાહનચાલક રોઝ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આથી ઘાયલ આધેડને તાત્કાલિક સારવાર અર્થે ધનસુરા રેફરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. બાદમાં તેમને અમદાવાદ વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

## પ્રાંતિજના મોયદ ગામે સ્પર્ધાત્મક મહોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૭

પ્રજાસત્તાક દિન ૨૦૧૪ નિમિત્તે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદ ગામની હાઈસ્કૂલમાં તાલુકા કક્ષાનો સ્પર્ધાત્મક મહોત્સવ યોજાયો હતો. જેમાં તાલુકાની ૧૩ જેટલી શાળા-કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પ્રાંતિજના મોયદ ગામ ખાતે આયોજિત તાલુકા કક્ષાના સ્પર્ધાત્મક મહોત્સવમાં તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી ડી. એ. મકવાણા સરપંચ વિપુલભાઈ પટેલ મહેન્દ્રભાઈ પટેલ, તુલસીભાઈ વાઘેલા વગેરે અધિકારી પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

આ મહોત્સવમાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ગીતો, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા સહિતની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું અને વિજેતા સ્પર્ધકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ઉત્તર ઝોન ભાજપ શિક્ષણ સેલ કન્વીનર તરીકે અમૃતભાઈ દેસાઈની વરણી

ડીસા, તા. ૨૭

પ્રદેશ ભાજપ પ્રમુખ આર.સી. ફળદુ તેમજ પ્રદેશ ભાજપ મહામંત્રી અને ધારાસભ્ય શંકરભાઈ ચૌધરી સાથે પરામર્શ કરી પ્રદેશ ભાજપ શિક્ષણ સેલ કન્વીનર ભગુભાઈ પટેલે ઉત્તર ઝોન શિક્ષણ સેલ કન્વીનર તરીકે શિક્ષણ જગત સાથે સંકળાયેલા તેમજ નિવૃત્ત શિક્ષક એવા અમૃતભાઈ જી. દેસાઈ (વડાલી-સાબરકાંઠા)ની નિમણુંક કરવામાં આવી છે.

અમૃતભાઈ દેસાઈ વડાલી કેળવણી મંડળના મંત્રી તરીકે તેમજ ગાંધીનગર ખાતે રબારી સમાજના કન્યા વિદ્યાલય સહિત અનેક સામાજીક તેમજ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલ છે. જેઓએ ભુતકાળમાં પ્રદેશ ભાજપ માલધારી સેલ કન્વીનર તરીકે તેમજ ગોપાલક વિકાસ નિગમના ડીરેકટર તરીકે પણ સેવાઓ આપેલ છે.


# દારૂનો નાશ કરવા જતા બોટલોની કટકી કરનાર છ પોલીસકર્મી સસ્પેન્ડ

મહેસાણા, તા. ૨૭

ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લા પોલીસ વિભાગના સિદ્ધપુર ડીવીઝનના પોલીસ મથકોમાં કબજે થયેલ દારૂના જથ્થાને નાશ કરતી વેળા દારૂ સગેવગે કરવાના મામલે સિદ્ધપુર અને કાકોશી પોલીસ મથકોના એક પોલીસ સબ ઈન્સ્પેકટર સહિત છ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેતાં જિલ્લા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.

અત્રે જાણવા મળ્યા મુજબ સિદ્ધપુર ડીવીઝનના પોલીસ મથકોમાં પોલીસે કબજે કરેલ દારૂના જથ્થાને નાશ કરવા માટે સિદ્ધપુર પ્રાંત અધિકારી, સિદ્ધપુર ડી.વાય.એસ.પી., સિદ્ધપુર પોલીસ ઈન્સ્પેકટર સહિત પોલીસ કર્મચારીઓની હાજરીમાં સિદ્ધપુર નજીકના દેથળી ગામની સીમમાં દારૂના જથ્થાને નાશ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ સમયે દારૂનો કેટલોક જથ્થો સગેવગે થયો હતો. જે સંદર્ભે પાટણ જિલ્લા પોલીસ વડાએ કાકોશી પોલીસ સ્ટેશનના એક પોલીસ સબ ઈન્સ્પેકટર અને બે પોલીસ કર્મચારીઓ તેમજ સિદ્ધપુર પોલીસ સ્ટેશનના ત્રણ પોલીસ કર્મચારીઓ મળી કુલ છ જણાઓને સસ્પેન્ડ કરી દેતાં પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. સસ્પેન્ડ થયેલાઓમાં એક પી.એસ.આઈ. બે એ.એસ.આઈ., બે કોન્સ્ટેબલ અને એક એલ.આર.ડી.નો સમાવેશ થાય છે.

સિદ્ધપુર પ્રાંત અધિકારી, ડી.વાય.એસ.પી. અને પોલીસ ઈન્સ્પેકટરની હાજરીમાં દારૂના જથ્થાનો નાશ કરવામાં આવી રહ્યો હતો ત્યારે દારૂ સગેવગે થવાના મામલામાં પોલીસના નાના કર્મચારીઓ સસ્પેન્ડ થતાં લોકોમાં આ બાબત ભારે ચર્ચાસ્પદ બની છે.



**૭૦૦ વર્ષ જૂની વાવને ચમકાવી...**

પાલનપુર નગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યો, અધિકારીઓ અને સફાઈ કામદારભાઈઓ દ્વારા આજરોજ સુપ્રસિદ્ધ મીઠીવાવ ખાતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સફાઈ અભિયાનમાં પાલિકા પ્રમુખ હસમુખભાઈ પઢિયાર, ઉપપ્રમુખ અમૃતલાલ જોષી, કુસુમબેન રાવલ, યુ ડી. સિન્ધા સહિત પાલિકાનો સ્ટાફ જોડાયો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ચોરી પ્રકરણ : ચાર શખ્સો ત્રણ દિવસના રિમાન્ડ પર

### કારના કાચ તોડી ચોરી કરતી ટુકડીને ઝડપી પડાઈ હતી

### ગ્રામ્ય સેશન્સ કોર્ટ દ્વારા આરોપીઓને રિમાન્ડ પર લેવાયા

અમદાવાદ, તા. ૨૭

શહેરમાં કારના કાચ તોડીને ચોરી કરતી ગેંગને ઝડપી પાડી વસ્ત્રાપુર પોલીસે ગેંગના ચાર શખ્સોને અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં રિમાન્ડ અર્થે રજુ કર્યા હતા. જેમાં પોલીસે ચાર આરોપીઓને સાત દિવસના રિમાન્ડ માંગ્યા હતા પણ ગ્રામ્ય સેશન્સ કોર્ટે આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

આ કેસની વિગત એવી છે કે શહેરના જુદા-જુદા વિસ્તારમાં અલગ પ્રકારની મોડસ ઓપરેન્ડી વાપરી એક પરપ્રાંતીય ગેંગ છેલ્લા ઘણા સમયથી ચોરી કરતી હતી. અને ચોરી કરેલ માલ મરયમ્મા નામની મહિલાને વેચી દેવામાં આવતું હતું. પણ વસ્ત્રાપુર પોલીસને બાતમી મળી હતી કે હિમાલયા મોલ પાસે છેલ્લા ઘણાં સમયથી ચોરી કરતા ગેંગના સભ્યો આવવાના છે. પોલીસે સમય સુચકતા વાપરી અવિનાશ મુથ્થુ નાકીયાર અને શક્તિ સામીવેલ તિરૂપતિની અટકાયત કરી સઘન પુછપરછ કરી હતી જેમાં બાકીના ચાર અન્ય શખ્સો પણ પકડાઈ ગયા એમાં બે શખ્સો સગીર વયના હતા. પોલીસે આરોપીઓના રહેઠાણવાળા મકાનની તપાસ હાથ ધરતા આઈપેડ, લેપટોપ, મોબાઈલ, કેમેરા, ઘડિયાળ, કાચ તોડવાના સાધનો જેવા કે ગિલોલ, કટરો તથા રોકડ રૂપિયા અઢી લાખ રૂા. ૪.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પરપ્રાંતીય ગેંગના છ સભ્યોમાંથી બે સભ્ય સગીરવયના હોવાથી વસ્ત્રાપુર પોલીસે ચાર આરોપીઓને રિમાન્ડ અર્થે ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં રજુ કર્યા હતાં જેમાં સરકારી વકીલે દલીલો કરતા જણાવ્યું હતું કે કારના કાચ તોડી ચોરી કરનાર ગેંગના સભ્યો બીજા અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલા છે કે કેમ, પકડાયેલ મુદ્દામાલ સંબંધી વધુ જાણકારી મેળવવાની છે ઉપરાંત સહઆરોપી પરપ્રાંતિય છે તેને પકડવા અર્થે વધુ તપાસની જરૂર હોઈ ચારેય આરોપીઓના સાત દિવસના રિમાન્ડ આપવા જોઈએ. ગ્રામ્ય સેશન્સ કોર્ટે સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખી ચારેય આરોપીઓના ૩૦મી ડિસેમ્બર સુધી રિમાન્ડ મંજુર કર્યો છે.

## યંગ રિસર્ચ કોન્ક્લેવનું વિશેષ આયોજન થયુ

અમદાવાદ, તા. ૨૭

આઈઆઈટી-જી ખાતે યંગ રિસર્ચ કોન્કલેવ ૨૦૧૩નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્કલેવમાં દર વખતે વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહથી ભાગ લેતા હોય છે ગત વર્ષે પણ આખા વિશ્વમાંથી આશરે ૫૦ જેટલા વિદ્યાર્થીઓ આ યંગ કોન્કલેવનમાં સામેલ થયા હતા.

આ વર્ષે પણ કોન્કલવમાં ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા છે. બે દિવસીય આ કાર્યક્રમની શરૂઆત શુક્રવારથી થઈ ચૂકી છે. યંગ કોન્કેલમાં ભાગ લેવા માટે આઈઆઈટી-જી સિવાય વિશ્વભરના જીનીયસ અને સ્કોલર સ્ટુડન્ટ ખૂબ ઉત્સાહી હોય છે. વિદ્યાર્થીઓ માટને છે કે આ પ્રકારનું આયોજન તેમને વિશ્વ સ્તરે તેમની ગુણવત્તા સાબિત કરવા માટે ઘણું અગત્યનું પ્લેટફોર્મ બની રહ્યું છે. યંગ કોન્કલેવમાં એકબીજાને મળી. ચર્ચા વિચારણા કરી જુદા જુદા ટૂલ્સ અને પદ્ધતિઓ વિશે માહિતગાર થઈ શકે છે એટલે કે આઈઆઈટી-જી અને ભારતના અન્ય ઈન્સ્ટિટ્યુટમાં પણ યંગ રિસર્ચ કોન્કેવેલનું આકર્ષણ વધ્યું છે.

## ભિલોડા તાલુકાના કોંગ્રેસના માસ્ટર ટ્રેનરની પસંદગી કરાતા આનંદની લાગણી પ્રસરી

ભિલોડા, તા.૨૭

ભિલોડા તાલુકાના કોંગ્રેસના માસ્ટર ટ્રેનરની પસંદગી કરાતા આનંદની લાગણી પ્રસરી છે.જવાહરલાલ નેહરૂ લીડરશીપ ઈન્સ્ટીટ્યુટ,ન્યુ દિલ્હી ધ્વારા કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની સુચનાથી ગુજરાત રાજ્યમાં લીડરશીપ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ હેઠળ માસ્ટર ટ્રેનરોની નિમણુંક કરવામાં આવી છે.

ભિલોડા તાલુકાના શામળાજીમાં માં હોસ્પિટલના ગાયનેક ડૉ. કિશોર ડામોર (ભિલોડા તાલુકા વિધાનસભા યુવા કોંગ્રેસ પ્રમુખ)ની કોંગ્રેસ માસ્ટર ટ્રેનર તરીકે નિમણુંક કરવામાં આવી છે.જીલ્લા તેમજ તાલુકાના ગામડાઓમાં હોદેદારો, યુવાનો તેમજ કોંગ્રેસના કાર્યકર્તાઓને લીડરશીપના પાઠ ભણાવી કોંગ્રેસ સંગઠન મજબુત બનાવવા ભગીરથ પ્રયત્નો હાથ ધરવામાં આવશે.

## ડીસા રેલવે સ્ટેશન પાસે અજાણ્યા ઈસમનો મૃતદેહ મળ્યો

ડીસા, તા. ૨૭

ડીસા રેલવે સ્ટેશન નજીક એક અજાણી વ્યક્તિનો મૃતદેહ મળી આવતાં



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

પોલીસે તેનો કબજો લઈ મનુભાઈ આસ્નાનીની મદદથી પી.એમ. અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં મોકલી આપી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા રેલવે સ્ટેશન વિસ્તાર નજીક સવારે વિજય વાઘેલા નામના વ્યક્તિ પસાર થઈ રહ્યા હતા ત્યારે રોડ વચ્ચે ધાબળો ઓઢેલી હાલતમાં એક અપંગ ઈસમ સુઈ રહ્યો હતો. આથી તેમણે મનુભાઈ આસ્નાની અને પોલીસને જાણ કરતાં દોડી આવેલ અને તપાસતા આ વ્યક્તિ મૃત્યુ પામ્યો હોવાનું જાણવા મળેલ. પોલીસે તેના કિસ્સા તપાસતા ડીસા સિવિલ અને મહેસાણા લાયન્સ હોસ્પિટલના દવાના બિલો મળી આવેલ અને તેમાં દશરથજી જેણાજી ઠાકોર હોવાનું જાણવા મળ્યું હતું. મૃતદેહને પી.એમ. અર્થે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને વાલી વારસ મળે ન હોવાથી વાલી વારસો મળ્યા બાદ મૃતદેહને સુપ્રત કરવામાં આવશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન